# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-09-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## ઉપરાંષ્ટ્રપતિ ચુંટણી:

આજે દેશના 15 માં ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી યોજાશે. જગદીપ ધનખડના રાજીનામાં પછી યોજાઈ રહલ ચૂંટણીમાં શાસક એન.ડી.એના ઉમેદવાર મહારાષ્ટ્રના રાજપાલ રાધા કૃષ્ણન અને વિપક્ષી ઇન્ડિયા ગઠબંધનના ઉમેદવાર નિવૃત ન્યાયાધીશ સુદર્શન વચ્ચે જંગ ખેલાશે સાંજ સુધી પરિણામ જાણી શકાશે.

-----------------------------------------------------------------------------------------------

## વિધાનસભા સત્ર-શોકદર્શક પ્રસ્તાવ:

રાજ્ય વિધાનસભાનાં ત્રણ દિવસનાં ચોમાસુ સત્રનો ગઈકાલથી આરંભ થયો. પહેલા દિવસે વિધાનસભા ગૃહમાં શોકદર્શક ઉલ્લેખ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત તમામ ધારાસભ્યોએ પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણી સહિત અમદાવાદની વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા દિવંગતો અને પૂર્વ સભ્યશ્રીઓને શ્રદ્ધાંજલિ પાઠવી. દિવંગત આત્માઓની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું. ગૃહમાં મુખ્યમંત્રીએ પૂર્વ મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ મુખ્યમંત્રી તરીકે રાજ્યના વિકાસમાં આપેલા યોગદાનની પ્રશંસા કરી. ઉપરાંત મુખ્યમંત્રીએ વિધાનસભા પોડિયમ ખાતે સ્વર્ગીય શ્રી રૂપાણીની પ્રતિમાનું અનાવરણ કર્યું.

-----------------------------------------------------------------------------------------------

## ઋષિકેશ પટેલે:

રાજ્યમાં ગત 20 વર્ષમાં સરકારે કુલ 776 નગર આયોજન યોજના મંજૂર કરી છે. તેમાં પણ આ વર્ષે માત્ર આઠ મહિનામાં 95 જેટલી નગર આયોજન યોજના મંજૂર કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભામાં આ અંગેના પ્રશ્નના જવાબમાં પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, રાજ્યમાં નવનિર્મિત નગરપાલિકા, મહાનગરપાલિકાઓમાં પણ બાકી રહી જતા અને નવા વિકાસકાર્યો ઝડપથી હાથ ધરાશે.

જ્યારે આગામી સમયમાં 506 જેટલી નવી નગર આયોજન યોજના મંજૂર કરાશે, જેને સમયમર્યાદામાં આખરી કરાશે તેમ પણ પ્રવક્તા મંત્રીએ જણાવ્યું.

---

## હમીસર વધામણા:

કચ્છમાં બે દિવસના ભારે વરસાદને પગલે ભુજનું હમીરસર અને અંજારનું સવાસર તળાવ ઓગની ગયા છે. ભુજનું હમીરસર 2022 પછી સતત ચોથી વખત ઓગની ગયું છે. નગર પાલિકા પ્રમુખ રશ્મિબેન સોલંકી સતત બીજી વખત તેના વધામણા લેશે, જ્યારે ઉપપ્રમુખ ઘનશ્યામ ઠક્કર દેસલસર તળાવ વધાવશે.તળાવ વધાવવાની ખુશીમાં ભુજમાં સરકારે વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ રજા જાહેર કરી છે. અંજારના સવાસર તળાવને નગર પાલિકા પ્રમુખ વૈભવ કોડરાણીના હસ્તે વધાવવાની વિધિ થશે.

---

## ભચાઉ-રાપર-શૈક્ષણિક કાર્ય બંધ :

ભચાઉ અને રાપર તાલુકામાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આજરોજ શૈક્ષણિક પ્રવૃત્તિઓ બંધ રહેશે અને બાળકો માટે રજા રહેશે તેવી સુચના આપવામાં આવી છે.

આ ઉપરાંત બે તાલુકા સિવાયના તમામ તાલુકામાં શાળાઓ ચાલુ રહેશે પરંતુ હાલની ભારે વરસાદની પરિસ્થિતિને અનુરૂપ જો આજે પણ વરસાદ સતત ચાલુ રહે અને શાળામાં શૈક્ષણિક કાર્ય શક્ય ન હોય તો વિદ્યાર્થીઓને શાળાએ ન બોલાવવાની પણ સુચના અપાઈ છે.

જો સામાન્ય સંજોગો સ્થાપિત થયા હોય તો આચાર્યશ્રીએ સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે વિવેકબુદ્ધિ મુજબ નિર્ણય લેવાનો રહેશે તેવુ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી કચ્છ ભુજની યાદીમાં જણાવાયુ છે.

---

## કચ્છ-વરસાદ:

રાજયમાં ગત બે દિવસ દરમિયાન થયેલા ભારે વરસાદ બાદ વરસાદનું જોર ઘટ્યુ છે. કચ્છ જીલ્લામાં ગત 24 કલાકથી થતાં વરસાદને લઈ નાગરિકોને જિલ્લામાં બંધ, નદી,નાળા તથા જળાશયો સહિતના સ્થળોએ ન જવા કલેક્ટરશ્રીએ અનુરોધ કર્યો છે. જ્યારે 9 જળાશયો સંપૂર્ણ છલકાયાં છે. તંત્ર દ્વારા નાગરિકોની સલામતી માટે જોખમી રસ્તા બંધ કરવાથી લઇને સ્થાળાંતર સહિતના પગલા લેવાયા છે.

દરમ્યાન જીલ્લા કંન્ટ્રોલરૂમ પાસેથી મળતી માહિતી મુજબ ગઈકાલે સાંજે 6 વાગ્યાથી અત્યારના 6 વાગ્યા સુધી પુરા થતાં 12 કલાક દરમ્યાન લખપત તાલુકામાં 159 મીલીમીટર, રાપર 121 મિલીમીટર, ભચાઉ અને નખત્રાણામાં 105 મિલીમીટર, ગાંધીધામ 95, ભુજ 86, અંજાર 78, અબડાસા 61, માંડવી 38 અને મુંદરામાં 34 મીલીમીટર વરસાદ નોંધાયો છે.

---

## કચ્છ-મોસમનો કુલ વરસાદ:

જીલ્લામાં વરસાદની આગાહી વચ્ચે ૫૪.૬ મીમી સહિત કચ્છમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ ૬૧૫.૭ મીમી વરસાદ નોંધાયો છે.

કચ્છમાં તાલુકા પ્રમાણે વરસાદના આંકડા જોઇએ, તો લખપત તાલુકામાં કુલ ૪૮૦ મીમી, રાપર તાલુકામાં કુલ ૮૭૩ મીમી, ભચાઉ તાલુકામાં કુલ ૬૪૪ , અંજારમાં કુલ ૫૭૫ ,

ભુજ તાલુકામાં કુલ ૬૧૩ મીમી, નખત્રાણા તાલુકામાં કુલ ૬૫૯, અબડાસા તાલુકામાં કુલ ૩૯૪ મીમી, માંડવી તાલુકામાં કુલ ૫૮૫ મીમી, મુંદરા તાલુકામાં ૬૧૦, ગાંધીધામ તાલુકામાં કુલ ૭૨૫ મીમી, વરસાદ નોંધાયો છે. આમ કચ્છમાં કુલ મોસમનો ૬૧૫.૭ મીમી વરસાદ નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ૨૦૨૪માં ૯૧૫.૧ મીમી વરસાદ કચ્છ જિલ્લામાં નોંધાયો હતો.

---------------------------------------------------------------------------------------------------

## વરસાદની આગાહી:

હવામાન ખાતાએ આગામી છ દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જ્યારે કેટલાક વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, રાજ્યમાં આજથી વરસાદનું જોર ઘટી શકે છે. જ્યારે આજે માત્ર કચ્છ જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. માછીમારોને 12 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

---------------------------------------------------------------------------------------------------